# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-03-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કૃષિ એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે અને લાંબાગાળાની વિકાસ યાત્રાનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે.**
2. **ગૃહમંત્રી અમિત શાહે કહ્યું- આ મહિનાના અંત સુધીમાં દેશ નક્સલવાદથી મુક્ત થશે.**
3. **વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે સરકાર દેશના નિકાસકારોને ટેકો આપવા નિકાસ પ્રોત્સાહન મિશનનો ઉપયોગ કરશે.**
4. **સિવિલ સર્વિસીસ પરીક્ષા 2025 ના અંતિમ પરિણામો જાહેર કરાયા.**
5. **ઇઝરાયલે ઇરાન અને લેબનોનની રાજધાનીઓ પર બોમ્બમારો કર્યો.**
6. **નેપાળમાં દરેક મતવિસ્તારમાં મત ગણતરી ચાલી રહી છે.**

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM- WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે કૃષિ એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે અને લાંબાગાળાની વિકાસ યાત્રાનો એક મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. વિડીયો કોન્ફરન્સ દ્વારા કૃષિ અને ગ્રામીણ પરિવર્તન પર બજેટ પછીના વેબિનારને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે સરકારે કૃષિ ક્ષેત્રને મજબૂત બનાવવા માટે નિયમિતપણે અનેક પગલાં લીધાં છે.

(BYTE : PM NARENDRA MODI)

પ્રધાનમંત્રી મોદીએ નિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને રસાયણમુક્ત ખેતી અને કુદરતી ખેતીને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટ 2026-27 પણ ઉચ્ચ-મૂલ્યવાળા કૃષિ ઉત્પાદનો પર વિશેષ ભાર મૂકે છે.

# AMIT SHAH - ODISHA

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે આ મહિનાના અંત સુધીમાં દેશ નક્સલવાદથી મુક્ત થઈ જશે. ઓડિશાના કટકમાં કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ – CISF ના 57મા સ્થાપના દિવસ સમારોહમાં, શ્રી શાહે જણાવ્યું હતું કે સુરક્ષા દળો તિરુપતિથી પશુપતિનાથ સુધી ફેલાયેલા રેડ કોરિડોરના માઓવાદીઓના સ્વપ્નને સંપૂર્ણપણે તોડી નાખશે.

(BYTE : AMIT SHAH)

તેમણે ઓડિશા, છત્તીસગઢ અને તેલંગાણા જેવા રાજ્યોમાં નક્સલ વિરોધી કામગીરીમાં CISF ના યોગદાનની પ્રશંસા કરી. ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે CISF દેશના ઔદ્યોગિક માળખાને સુરક્ષિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને હાલમાં દેશભરમાં 70 એરપોર્ટ અને 361 મહત્વપૂર્ણ સ્થાપનોને સુરક્ષા પૂરી પાડે છે.

# RAJNATH SINGH - SELF-RELIANCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે અનિશ્ચિતતાના આ યુગમાં સુસંગત રહેવા માટે આત્મનિર્ભરતા જ એકમાત્ર રસ્તો છે. શ્રી સિંહે પશ્ચિમ બંગાળના કોલકાતામાં સંરક્ષણ અને દરિયાઈ સંવાદ "સાગર સંકલ્પ - ભારતનો દરિયાઈ મહિમા પુનર્જીવિત કરવા" નું ઉદ્ઘાટન કરતાં આ મુજબ જણાવ્યુ હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, 2024-25માં સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન 1 લાખ 50 હજાર કરોડ રૂપિયાના વિક્રમજનક સપાટીએ પહોંચી ગયું છે. સંરક્ષણ નિકાસ પણ 24 હજાર કરોડના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે.

# GOYAL - EXPORTER

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે સરકાર દેશના નિકાસકારોને ટેકો આપવા માટે તમામ નીતિગત પગલાં અને નિકાસ પ્રોત્સાહન મિશનનો ઉપયોગ કરશે.

નવી દિલ્હીમાં, શ્રી ગોયલે અમેરિકા-ઇઝરાયલ અને ઈરાન સંઘર્ષને કારણે વેપારમાં ઊભી થયેલી અડચણો વિશે વાત કરી. સરકારે આ મુદ્દાઓ પર દૈનિક ધોરણે વિચારણા કરવા માટે એક આંતર-મંત્રી જૂથની રચના કરી છે. ભારત માલ અને સેવા ક્ષેત્રમાં વિદેશી ખરીદદારોને આપેલા તમામ વચનો પૂર્ણ કરવાનું ચાલુ રાખશે. તેમણે ખાતરી આપી હતી કે સરકાર ઉદ્યોગો સાથે ઉભી છે અને તમામ આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓ પૂર્ણ થાય તેની ખાતરી આપે છે.

# VICE PRESIDENT - NAGALAND

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને નાગાલેન્ડના યુવાનોને રાષ્ટ્રીય સેવામાં જોડાવા અને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે વિકસિત નાગાલેન્ડ વિકસિત ભારતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

આજે ઝુન્હેબોતો જિલ્લાના લુમામીમાં નાગાલેન્ડ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ભારતની વિશાળ વિવિધતા હોવા છતાં, એકતા તેની સૌથી મોટી તાકાત છે. ઉપરાષ્ટ્રપતિએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા દાયકામાં પૂર્વોત્તર ક્ષેત્રમાં હાથ ધરવામાં આવેલા પરિવર્તનશીલ માળખાકીય વિકાસ અને શાંતિ પહેલ પર પ્રકાશ પાડ્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CSE - RESULTS

સિવિલ સર્વિસીસ પરીક્ષા (CSE) 2025 ના અંતિમ પરિણામો આજે જાહેર કરવામાં આવ્યા. UPSC એ જણાવ્યુ છે કે વિવિધ સેવાઓમાં નિમણૂક માટે કુલ 958 ઉમેદવારોની ભલામણ કરવામાં આવી છે, જેમાં 659 પુરુષો અને 299 મહિલાઓનો સમાવેશ થાય છે. અનુજ અગ્નિહોત્રીએ પ્રથમ સ્થાન, રાજેશ્વરી સુવેએ બીજા સ્થાન અને આકાંશ ધુલ ત્રીજા સ્થાન પર રહ્યા. 25 મે, 2025 ના રોજ યોજાયેલી પ્રારંભિક પરીક્ષા માટે 9 લાખ 30 હજારથી વધુ ઉમેદવારોએ અરજી કરી હતી.

# WEST ASIA WAR UPDATE-1

આજે ઇઝરાયલ અને અમેરિકા અને ઇરાનના સંયુક્ત દળો વચ્ચેના સંઘર્ષનો સાતમો દિવસ છે. ઇઝરાયલે ઇરાન અને લેબનોનની રાજધાનીઓ પર બોમ્બમારો કર્યો. દરમિયાન, અમેરિકાએ સમુદ્રમાં એક ઇરાની ડ્રોન કેરિયર પર હુમલો કર્યો હોવાના અહેવાલ છે, જેનાથી ઇરાનના યુદ્ધ જહાજ કાફલાને નિશાન બનાવવા માટે અમેરિકાની ઝુંબેશ વધુ તીવ્ર બની છે.

ઇઝરાયલી સૈન્યએ ઇરાનની મોટાભાગની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ અને મિસાઇલ લોન્ચર્સનો નાશ કરવાનો દાવો કર્યો હતો. અમેરિકન સંરક્ષણ સચિવ પીટ હેગસેથે ચેતવણી આપી હતી કે તેહરાન પર હુમલા નિકટવર્તી છે. ઇરાની રાજ્ય ટેલિવિઝન દ્વારા એક નવો મિસાઇલ હુમલો જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં મોટા ખોરમશહર-4 મિસાઇલોનો સમાવેશ થાય છે. ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે જણાવ્યું હતું કે તેના હવાઈ દળોએ ઓપરેશન ટ્રુ પ્રોમિસનો 21મો તબક્કો શરૂ કર્યો છે, જેમાં ઇઝરાયલને નિશાન બનાવવા માટે આત્મઘાતી ડ્રોન અને ક્લસ્ટર વોરહેડ્સ સાથે અદ્યતન ખૈબર મિસાઇલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

કતારે બહેરીન પર ઇરાની હુમલાની નિંદા કરી હતી, જેમાં લશ્કરી થાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ હુમલામાં ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલના પ્રાદેશિક એકીકૃત લશ્કરી કમાન્ડને નિશાન બનાવવામાં આવ્યું હતું. ઇઝરાયલ-હિઝબુલ્લાહ યુદ્ધ વચ્ચે લેબનોનના

# WEST ASIA WAR UPDATE2

પ્રધાનમંત્રી નવાફ સલામે આંતરરાષ્ટ્રીય સમુદાયને લેબનોનને મદદ માટે અપીલ કરી હતી.

કતારના હવાઈ સંરક્ષણ દળોએ દોહામાં સૌથી મોટા અમેરિકી લશ્કરી મથક અલ-ઉદેદ એર બેઝ પર ડ્રોન હુમલાને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યો. કતારે જણાવ્યું હતું કે ખતરો ટળી ગયો છે અને પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે.

ઇઝરાયલી વાયુસેનાએ આજે લેબનોનના બૈરુતમાં હિઝબુલ્લાહના મુખ્યાલય અને લશ્કરી માળખા પર હુમલો કર્યો હતો. આજે સવારે, ઇઝરાયલે જાહેરાત કરી હતી કે તેણે બૈરુતમાં હિઝબુલ્લાહ કમાન્ડર ઝૈદ અલી જુમા અને ત્રિપોલી વિસ્તારમાં હમાસ કમાન્ડર વસીમ અદ્દલ્લાહ અલીને મારી નાખ્યા છે.

દરમિયાન, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની સૈન્યને શરણાગતિ સ્વીકારવાનું આહ્વાન કર્યું છે. અમેરિકાના કમાન્ડર બ્રેડ કૂપરે જણાવ્યું હતું કે અમેરિકાના બોમ્બરોએ છેલ્લા 72 કલાકમાં ઈરાનની અંદર આશરે 200 લક્ષ્યો પર હુમલો કર્યો છે.

# NEPAL - VOTE COUNTING

નેપાળમાં દરેક મતવિસ્તારમાં મત ગણતરી ચાલી રહી છે. ઝાપા-5 થી ચૂંટણી લડી રહેલા નેપાળના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર બાલેન્દ્ર શાહ 11 હજાર 945 મતો સાથે આગળ છે, જ્યારે તેમના હરીફ, પૂર્વ પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલીને અત્યાર સુધીમાં 2 હજાર 692 મતો મળ્યા છે. કાઠમંડુ-1 અને 2 માટે પરિણામો જાહેર કરવામાં આવ્યા છે, જ્યાં આરએસપીના રંજુ ન્યુપાને અને શિશિર કહનાલ જીત્યા છે, જ્યારે નેપાળી કોંગ્રેસના યોગેશ ગૌચન થકાલી મુસ્તાંગ-1 થી જીત્યા છે.

સાંજ સુધીમાં, રબી લામિછાનેની રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી 102 મતવિસ્તારમાં આગળ હતી. ગગન થાપાની નેપાળી કોંગ્રેસ 11 મતવિસ્તારમાં આગળ છે. કેપી શર્મા ઓલીની યુએમએલ 9 બેઠકો પર આગળ છે. પુષ્પા કમલ દહલની પાર્ટી, એનસીપી, 10 બેઠકો પર આગળ છે, જ્યારે દહલ પોતે રુકુમ પૂર્વમાં 8 હજાર 747 મતો સાથે આગળ છે.

# AFGHANISTAN-PAKISTAN

અફઘાનિસ્તાનના અધિકારીઓએ જણાવ્યું છે કે ડ્યુરન્ડ લાઇન સરહદ પર અથડામણ દરમિયાન તાલિબાન દળોએ 30 પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા છે. તાલિબાન સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા ઇનાયતુલ્લાહ ખાવરઝમીએ જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનના કંદહાર પ્રાંતના શોરાબક જિલ્લામાં લડાઈ થઈ હતી, જ્યાં તાલિબાન લડવૈયાઓએ પાકિસ્તાની સૈન્ય ચોકી પર કબજો કર્યો હતો. તેમણે કહ્યું કે અથડામણ દરમિયાન તાલિબાન દળોએ ચોકી પર કબજો કર્યા પછી, તાલિબાન દળોએ વિસ્ફોટકોથી ચોકીનો નાશ કર્યો હતો. ખાવરઝમીએ દાવો કર્યો હતો કે લડાઈ દરમિયાન 30 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા.

અફઘાન અધિકારીઓએ 3 માર્ચે જણાવ્યું હતું કે પાકિસ્તાન વાયુસેના દ્વારા અફઘાનિસ્તાનમાં તાજેતરના હવાઈ હુમલા બાદ તેમના દળોએ પાકિસ્તાની લશ્કરી ચોકીઓ સામે જવાબી કાર્યવાહી કરી હતી. અફઘાન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેના દળોએ કાબુલમાં, ખોસ્તમાં અલી-શેર જિલ્લો, જલાલાબાદ અને કંદહાર સહિત પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ નજીક અનેક મુખ્ય લશ્કરી સ્થળોને નિશાન બનાવ્યા હતા.

# IRAN- PRESIDENT

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિઆને આજે જણાવ્યું હતું કે કેટલાક દેશોએ અમેરિકા અને ઈઝરાયલ સાથે ચાલી રહેલા સંઘર્ષને ઉકેલવા માટે મધ્યસ્થી પ્રયાસો શરૂ કર્યા છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું હતું કે ઈરાન આ ક્ષેત્રમાં શાંતિ જાળવવા માટે પ્રતિબદ્ધ છે, છતાં દેશના સન્માન અને સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં કોઈ ખચકાટ અનુભવતો નથી.